જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૨૨   મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૧૮૨૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૩,૪૬,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૦,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટઃ- સમાચાર યાદી નં.૧૮૨૭/૨૦૨૨

**નિકોલઃ** રાજેન્દ્રસિંહ રઘુનાથસિંહ ચૌહાણ(ઉ.વ.૩૩)(રહે.પંચવટી રો-હાઉસ, ગેલેકસી સીનેમા રોડ, નરોડા) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન વસાણી પાર્ટી પ્લોટ પહેલા નિકોલ તરફ ૫૦ થી ૧૦૦ મીટરના અંતરે એસ.પી.રીગ રોડ ઉપર ઓટોરીક્ષામાં આવેલ ત્રણ અજાણ્યા પુરૂષે ભેગામળી તેમની ઓટોરીક્ષા રાજેન્દ્રસિંહની મોટરસાયકલની આગળ ઉભી રાખી, રાજેન્દ્રસિંહ પાસે ની બેગ કે જેમાં રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- તથા લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- હતુ તે બેગ ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૨૮/૨૦૨૨

**વેજલપુરઃ** અબ્દુલકરીમ મોહમદહુસેન શેખ (ઉ.વ.૫૫)(રહે.સંકલીતનગર હૈદરનગરની સામે શીફા મેડીકલની ગલીમા જુહાપુરા) એ તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ સવારના ૮/૧૫ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રૂમમાં મુકેલ ફ્રીઝ ના નીચેના બકેટમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ચોરી કરી નાસી ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૯/૨૦૨૨**

**ઓઢવઃ** ઓઢવ વેપારી મહામંડળ શેડ નંબર-૩૫૪ "એસ વીન પાઇપ" નામની કંપનીમા કામ કરતા અને ત્યાંજ રહેતા સન્નીભાઇ સ/ઓ ત્રીભુવનભાઇ સોનકર (ઉ.વ.૧૯)(મુળ વતન ગામ-કંચાના તા-ત્રીલોદ જી-અમેઢી (ઉત્તરપ્રેદેશ) તા.૦૯/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કંપની શેડ નંબર-૩૫૪ ની બાજુમા પાછળના ભાગે ખુલ્લો પ્લોટને અડીને ખુણામા જી.ઇ.બી. નું ઇલેકટ્રીક ડી.પી. આવેલ છે ત્યાં કચરામા આગ લાગેલ હતી અને ધુમાડો નિકળતો જોઇ સન્નીભાઇ આગ ઓલવવા સારૂ ડોલમા પાણી લઇ કચરાના ઢગલા નજીક જઇ પાણી નાખતા હતા ત્યારે અચાનક સન્નીભાઇને શરીરે વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને ઓઢવ મંગલમ કોમ્પલેક્ષ ખાતે આવેલ સી.યુ.એચ.હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રી એ સન્નીભાઇ ને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૦/૨૦૨૨**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** (૧) અંજલીબહેન ડો/ઓ રમેશભાઇ પરમાર (ઉ.વ.૧૭)(રહે.૩/૧૨૩ ચામુંડા મ્યુ. સ્ટાફ ક્વૉટર નરોડા) અને (૨) રોહીતભાઇ સ/ઓ મનુભાઇ પુરબીયા (ઉ.વ.૨૨) (રહે.૩/૧૧૮ ચામુંડા મ્યુ.સ્ટાફ ક્વૉટર નરોડા) બંને એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૨ સાંજના ૬/૨૫ વાગ્યા પહેલા સુભાષબ્રિજ રીવરફ્રન્ટ અમુલ પાર્લર ઘાટ નંબર-૦૫ પાસે સાબરમતી નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સુરજસિંગ સુરેન્દ્રસિંગ તોમર (ઉ.વ.૨૭)(રહે.કર્ણાવતીનગર બાપાસીતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રભાઇ પરષોત્તમભાઇ ચલાવે છે.

**રામોલઃ** ચેતનભાઇ કરસનભાઈ ભરગા (ઉ.વ.૨૭)(રહે.બ્લુ આઈરીસ ફ્લેટ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૨ સવારના ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અનાજમાં નાખવાનો પાવડર પોતાની જાતે ખાઇ લેતા, સારવાર અર્થે તેમને કે.ડી.હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી